દેશી હિસાબ.

બીજો ભાગ.

કીમત એક આનો નવ પઈ.

The Department of Public Instruction, Bombay.

GUJARÂTI DESHI HISÂB,

OR

MENTAL ARITHMETIC.

PART II.

BY

RÂO SÂHIB BHOGILÂL PRÂṆAVALLABHADÂS,

LATE DEPUTY EDUCATIONAL INSPECTOR, KATTIAWAR.

EIGHTH EDITION.—20,000 Copies.

(Registered for Copy-right under the Government of India's Act XXV. of 1867).

Bombay:

GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1885.

Price One Anna Nine Pies.

BOMBAY:

PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

૨૩૬૩

મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણીખાતું.

દેશી હિસાબ.

બીજો ભાગ.

બનાવનાર

રાવસાહેબ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ,

પ્રાંત કાઠીઆવાડના માજી ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.

આવૃત્તિ આઠમી—પ્રત ૨૦,૦૦૦.

મુંબઈ.

ગવર્નમેંટ સેંટ્રલ બુક ડીપો.

સન ૧૮૮૫.

કીમત એક આનો નવ પાઈ.

મુંબઈ.
એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યું છે.

અનુક્રમણિકા.

અનુક્રમણિકા.

૨૩૯૨

દેશી હિસાબ.

ભાગ ૨ જો.

એના પેટામાં બે વિભાગ છે.

પહેલામાં ગૂજરાત દેશને કામના હિસાબ.

બીજામાં કાઠીઆવાડને કામના હિસાબ.

વિભાગ ૧ લો.

ગૂજરાત દેશને કામના હિસાબ.

શેરીઆં લેખાંની કૂંચીઓ.

એક શેરના ભાવ ઉપરથી.

૧. જેટલે રૂપિએ શેર તેથી અઢીગણે દોકડે રૂપિઆ ભાર. પા રૂપિએ શેર હોય તો અર્ધે દોકડે, બે બદામે રૂપિઆ ભાર. અર્ધે રૂપિએ હોય તો સવા દોકડે, અને પોણે રૂપિએ હોય તો પોણે બે દોકડે, બે બદામે રૂપિઆ ભાર.

૨. જેટલે રૂપિએ શેર તેથી અર્ધે આને સવા રૂપિઆ ભાર, તેટલે આને અધોળ, ને તેથી બમણે આને નવટાંક.

૩. શેરનો ભાવ જેટલા રૂપિઆ હોય તેને જેટલા રૂપિઆ ભારનું કરવું હોય તેટલાએ ગુણીને ગુણાકાર માંથી જમણી બાજુનો એક આંકડો મૂકી દેતાં બાકી રહે તેટલાં પાવલાં, ને મુકી દીધેલા આંકડાને અઢીગણા કરતાં જે આવે તેટલા દોકડા જાણવા.

૪. જેટલે આને શેર તેથી અઢીગણી બદામે રૂપિઆ ભાર. પા આને શેર હોય તો અર્ધીબદામ ને બે વીશાવાસીએ રૂપિઆ ભાર; અર્ધે આને હોય તો સવા બદામે, ને પોણે આને હોય તો પોણી બે બદામ ને બે વીશાવાસીએ રૂપિઆ ભાર.

૫. જેટલે આને શેર તેટલી પોણી પાઈએ અધોળ.

૬. જેટલે ફદીએ શેર તેના અર્ધથી સવાગણે રૂપિએ મણ.

૭. જેટલે દોકડે શેર તેટલી બદામે અધોળ.

એક રૂપિઆના ભાવ ઉપરથી.

૮. રૂપિઆનું જેટલા શેર તેટલા રૂપિઆ ભારના અઢી દોકડા તથા તેથી અર્ધા રૂપિઆ ભારનો સવા દોકડો.

૯. રૂપિઆનું જેટલા શેર તેટલા મણના ચાળીસ રૂપિઆ; તેમજ રૂપિઆનું જેટલા રૂપિઆ ભાર તેટલા શેરના ૪૦ રૂપિઆ.

શેરીઆં લેખાંની કૂંચિઓનાં

કારણુ એટલે સમજણ.

૧. રુપિઆના સો દોકડા ને શેરના ચાળીશ રુપિઆ ભારે ભાગ્યાથી એક દોકડા ભારની કીમત અઢી દોકડા આવેછે. તે પ્રમાણે શેરના જેટલા રુપિઆ કહ્યા હોય તેટલા ગણા અઢી દોકડા રુપિઆ ભારની કીમત આવે. પા, અર્ધા, પોણા રુપિઆનું પણ એ ઉપરથી નીકળેછે.

૨. એક રુપિઆના ૩૨ અર્ધા આનાવડે શેરના ૪૦ રુપિઆ ભારને ભાગતાં અર્ધા આનાનું સવા રુપિઆ ભાર. એ પ્રમાણે બીજાનું જાણવું.

૩. એ કૂંચીમાં કહેલા ગુણાકારને ત્રિરાશિની રીત પ્રમાણે શેરના ૪૦ રુપિઆ ભારે ભાગ્યા બરોબર છે, કેમકે ચાળીશના મીડાંનો એક અક્ષર એ ગુણાકારમાંથી મુકી દેઈ બાકીનાને ચારે ભાગવું, અને બાકીના આંકડાનું પા કરવું એ એકજ છે. ને મુકી દીવેલો આંકડો જો એકડો હોય તો તે એક રુપિઆના સો દોકડાને ચાળીસે ભાગતાં અઢી દોકડા આવે ને જો બગડો હોય તો તેમાં બસેં દોકડાને ભાગતાં ૫ દોકડા આવે. તે પ્રમાણે જે આંકડો મુકી દીધો હોય તેના અઢી ગણા દોકડા કરીએ તો બરાબર છે.

૪. એક આનાની સો બદામને એક શેરના ચાળીસ રુપિઆ ભારે ભાગ્યાથી એક રુપિઆ ભારની કીમત અઢી બદામ આવેછે. તે ઉપરથી પા, અર્ધા તથા પોણા રુપિઆનું કર્યું છે.

૫. શેરનાં અધોળ સોળે, આનાની પાઇ ૧૨ ને ભાગતાં એક અધોળની કીમત પોણી પાઈ આવે.

દાખલા.

૧. ૫॥ આને શેર તો ૩ રૂપિઆ ભારની શી કીમત ?
 ૫॥ ચોથી કૂંચી પ્રમાણે.
 ૨॥
 ૧૨॥
 ૧।
બદામ ૧૩॥। એક રૂપિઆ ભારની કીમત.
 ૩
જવાબ ૪૧। બદામના ૨॥ દોકડાને ૧। બદામ થઇ.

૨. ૪॥ રૂપિએ શેર તો આઠ રૂપિઆ ભારનું શું બેસશે ?
 ૪॥ ત્રીજી રીત પ્રમાણે.
 ૮
 ૩૬
 ०॥। ૧૫ જવાબ પોણો રૂપિઓ પંદર દોકડા.

૩. રૂપિઆનું સાડાપાંચ શેર તો પોણાત્રણ રૂપિઆ ભારની શી કીમત ? જવાબ ૧। દોકડો.

મણીકાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ મણ તેથી અઢી ગણે દોકડે શેર. ૫। રૂપિએ મણ હોય તો અર્ધે દોકડે બે બદામે શેર. અર્ધે હોય તો સવા દોકડે ને પોણે હોય તો પોણે બે દોકડે બે બદામે શેર.

૨. જેટલે રૂપિએ મણ તેટલા દોકડાનું સોળ રૂપિઆ ભાર.

૩. જેટલે રૂપિએ મણ તેટલા આનાનું અઢી શેર, તેથી અર્ધા આનાનું સવાશેર ને તેટલાજ રૂદીઆનું અધશેર ને નવટાંક અને તેટલા ૭૫આનાનું સવાછ રૂપિઆ ભાર.

૪. જેટલે રૂપિએ મણ તેટલી બદામે રૂપિઆ ભાર.

૬. એક ફદીએ શેર તો એક મણના ૪૦ ફદીઆં એટલે દશ આના થાયછે, તે ફદીઆની સંખ્યાના અર્ધથી સવાયા રૂપિઆની બરાબર છે.

૭. દોકડાની ૧૬ બદામને શેરના ૧૬ અધોળે ભાગે તો એક બદામે એક અધોળ પડચું.

૮. ઊપલી પહેલી રીત પ્રમાણે એક રૂપિઆ ભારના અઢી દોકડા આવેછે. ત્યારે જેટલા શેર એક રૂપિઆના કહ્યા હોય તેટલા રૂપિઆ ભારના અઢી દોકડા થાયછે.

૯. રૂપિઆનું એક શેર હોય તો એક મણના ચાળીસ શેર પ્રમાણે ચાળીસ રૂપિઆ થાયછે. ને રૂપિઆનું બશેર કહ્યું હોય તો તેની કીમત બમણી ઓછી થતાં બે મણના ચાળીસ રૂપિઆ આવેછે.

મણીકાં લેખાંની કુંચીઓનાં કારણ.

૧. મણના શેર ૪૦ વડે રૂપિઆના ૧૦૦ દોકડાને ભાગતાં શેરને માથે અઢી દોકડા આવેછે, એ ઉપરથી આગળ સમજવું.

૨. રૂપિઆના દોકડા ૧૦૦ વડે એક મણના ૧૬૦૦ રૂપિઆ ભારને ભાગતાં એક દોકડાનું સોળ રૂપિઆ ભાર આવેછે.

૩. રૂપિઆના આના ૧૬ વડે મણના શેર ૪૦ ને ભાગતાં એક આનાનું રા। શેર આવેછે.

૪. એક રૂપિઆની બદામ ૧૬૦૦ વડે એક મણના રૂપિઆ ભાર ૧૬૦૦ ને ભાગ્યાથી બદામે રૂપિઆ ભાર પડેછે.

૫. જેટલે આને મણ તેથી અઢીગણી બદામે શેર.

૬. જેટલે આને મણ તેટલી વીશવાસીએ રૂપિઆ ભાર.

૭. જેટલે આને મણ તેથી પોણી પાઇએ ૨ા શેર.

૮. એક રૂપિઆનું જેટલા મણ તેટલા શેરના અઢી દોકડા તથા તેથી અર્ધા શેરનો સવા દોકડો.

દાખલા.

૧. ચૌદ આને મણ તો ૩ શેરની શી કીમત?

(કૂચી પાંચમી પ્રમાણે.)		દોકડા.	બદામ.
	જવાબ	૬ાા	૧

૨. પાંચ રૂપિએ મણ તો અછેર ને નવટાંકનું શું?

(કૂચી ૩ જી.) જવાબ. ૦)-। સવા આનો.

કોથળાનાં લેખાંની કૂચીઓ.

૧. જેટલે રૂપિએ કોથળો તેટલે દોકડે બશેર અને તેથી અર્ધે દોકડે શેર. અને તેટલી બદામનું નવટાંક.

૨. જેટલે રૂપિએ કોથળો તેથી વીસગણે દોકડે મણ.

૩. જેટલે રૂપિએ કોથળો તેટલા આનાનું ૧૨ાા શેર અને તેટલાજ ફદીઆનું ૩)= ત્રણ શેર ને નવટાંક.

૪. જેટલે આને કોથળો તેથી સવાગણે દોકડે મણ.

૫. જેટલે આને કોથળો તેથી અર્ધી બદામે શેર.

દાખલા.

૧. પોણુચાર રૂપિએ અને બે આને કોથળો તો એક શેરનું શું?

		દોકડા.	બદામ.
(કૂચી ૧ લી તથા ૫ મી.)	જવાબ.	૧ાાા	૩

૨. ત્રણ રૂપિએ કોથળો તો એક ફદીઆનું કેટલું?

(કૂચી ૩ જી.)		શેર.	રૂપિઆ ભાર.
	જવાબ.	૧	૧ાાા

૫. મણના શેર ૪૦ વડે એક આનાની ૧૦૦ બદામને ભાગતા એક શેરની કીમત રા બદામ આવેછે.

૬. હિસાબમાં એક બદામની વીશવાસી ૧૬ ગણતાં આનાની બદામ ૧૦૦ ની વીશવાસી ૧૬૦૦ વડે મણના રૂપિઆ ભાર ૧૬૦૦ ને ભાગતાં એક વીશવાસીએ એક રૂપિઆ ભાર પડેછે.

૭. આનાની ૧૬ પોણી પાઠથી મણના શેર ૪૦ ને ભાગ્યાથી દર પોણી પાઠએ રા શેર પડેછે.

૮. ઉપરની પહેલી રીત પ્રમાણે એક મણના હિસાબે શેરના રા દોકડા આવેછે. ત્યારે જેટલા મણ કહ્યા હોય તેટલા શેરના પણ અઢી દોકડા થાયછે. કેમકે જેટલા વધારે મણ તેટલી તેની કીમત ઓછી થશે.

કોથળાનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. એક રૂપિઆના ૧૦૦ દોકડાએ કોથળાના મણ ૫ ના શેરના ૨૦૦ ને ભાગતાં એક દોકડાનું બશેર આવેછે.

૨. રૂપિઆના દોકડા ૧૦૦ ને કોથળાના મણ ૫ એણે ભાગતાં એક મણના વીસ દોકડા આવેછે.

૩. રૂપિઆના આના ૧૬ એણે કોથળાના શેર ૨૦૦ ને ભાગતાં એક આનાનું ૧રા શેર આવેછે તે ઉપરથી ફદીઆનું થાયછે

૪. આનાના દોકડા ૬। ને કોથળાના પાંચ મણે ભાગતાં એક મણનો સવા દોકડો આવેછે.

૫. આનાની બદામ ૧૦૦ ને કોથળાના શેર ૨૦૦ વડે ભાગતાં એક શેરની અર્ધી બદામ આવેછે.

હારાનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ હારો તેથી સવાગણે દોકડે ૩॥ શેર, તેટલાં ફદીઆનું સવાચાર શેર નવટાંક.

૨. જેટલે રૂપિએ હારો તેટલા આનાનું ૧॥ શેર.

દાખલા. હવેથી કૂંચીઓના આંક લખ્યા નથી.

૧. અઢી રૂપિએ હારો તો પોણા બશેરની શી કીમત?

	દો.	બ.
જવાબ.	૧॥	૧

૨. પાંચ રૂપિએ હારો તો એક આનાનું કેટલું આવે?

જવાબ. ૩॥ શેર.

માણીનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ માણી તેટલા આનાનું પોણો મણ.

૨. જેટલે રૂપિએ માણી તેથી ૧૬ ગણી પાઇએ અથવા સવા આને ને એક પાઇએ મણ.

૩. જેટલે રૂપિએ માણી તેથી સવાગણે દોકડે ૬ શેર અને તેટલાં ફદીઆનું સાડાસાત શેર.

૪. જેટલે રૂપિએ માણી તેથી અઢી ગણી બદામનું ૦॥। શેર અને તેટલી બદામનું ૧૨ રૂપિઆ ભાર.

દાખલા.

૧. પાંચ રૂપિએ માણી તો એક ફદીઆનું કેટલું?

જવાબ. ૧॥ શેર.

૨. સાડે દશ રૂપિએ ને ત્રણ આને માણી તો એક મણની કીમત શી?

	રૂ.	આ.
જવાબ.	૦॥।	=।

હારનાં લેખાંની કૂચીઓનાં કારણ.

૧. એક રૂપિઆના સવા દોકડા ૮૦ એણે એક હારાના મણ ૭ ના શેર ૨૮૦ ને ભાગતાં એક સવાયાનું ૩॥ શેર આવેછે.

૨. રૂપિઆના આના ૧૬ એણે હારાના શેર ૨૮૦ ને ભાગતાં એક આનાનું ૧૭॥ શેર આવેછે.

માણીનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. માણીના મણ ૧૨ અને રૂપિઆના આના ૧૬ થી ભાગતાં આનાનું પોણો મણ આવેછે.

૨. રૂપિઆની પાઈ ૧૯૨ ને માણીના મણ ૧૨ વડે ભાગતાં એક મણની પાઈ ૧૬ થઈ.

૩. એક રૂપિઆના સવા દોકડા ૮૦ એણે માણીના મણ ૧૨ ના શેર ૪૮૦ ને ભાગતાં સવા દોકડાનું છ શેર આવશે અને ફદીઉં સવા દોકડાના સવાયા બરાબર છે માટે ફદીઆનું છ સવા સાડાસાત શેર આવશે.

૪. ઉપરની ત્રીજી રીતમાં ફદીઆનું સાડાસાત શેર આવ્યું ત્યારે દશ એ સાધારણ સંખ્યા લેઈ બંનેને એટલે ફદીઆની બદામ ૨૫ તથા ૭॥ શેરને ભાગતાં અઢી બદામનું પોણોશેર આવેછે.

કળશીનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિયે કળશી તેટલે આને મણ.

૨. જેટલે રૂપિયે કળશી તેથી સવા ગણે દોકડે આઠ શેર અને તેટલાં કદીઆનું ૧૦ શેર.

૩. જેટલે રૂપિયે કળશી તેથી અઢીગણી બદામે શેર અને જેટલે કદીએ શેર તેથી દશગણે રૂપિયે કળશી.

૪. જેટલે રૂપિયે કળશી તેટલી વીશવાસીએ રૂપિઆ ભાર અને તેટલી બદામે ૧૬ રૂપિઆ ભાર.

૫. જેટલે આને કળશી તેથી પોણી પાઇએ અથવા સવા ૬ ગણી બદામે મણ.

૬. જેટલે આને કળશી તેથી અઢીગણી વીશવાસીએ શેર.

દાખલા.

૧. વીસ રૂપિયે કળશી તો એક શેરની શી કીમત?

જવાબ. ૨ કદીઆં.

૨. સાડે પંદર રૂપિયે અને બે આને કળશી તો શેરની શી કીમત?

દો૦ બ૦ વી૦

જવાબ. ૨ા ૩ ૧

૩. સાડેબાર રૂપિયે કળશી તો ૧ રૂપિઆ ભારનું શું?

બ૦ વી૦

જવાબ. ૦ાા ૦ા

ખાંડીનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિયે ખાંડી તેટલા આનાનું સવામણ.

૨. જેટલે રૂપિયે ખાંડી તેથી પાંચ ગણે દોકડે મણ.

૩. જેટલે રૂપિયે ખાંડી તેટલા દોકડાનું આઠ શેર અને તેટલાં કદીઆનું ૧૨ા શેર.

કળશીનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. રૂપિઆના ૧૬ આનાએ કળશીના મણ ૧૬ ને ભાગતાં આને મણ પડ્યું.

૨. રૂપિઆના સવા દોકડા ૮૦ વડે કળશીના મણ ૧૬ ના શેર ૬૪૦ ને ભાગતાં સવા દોકડે આઠ શેર પડ્યું.

૩. રૂપિઆની બદામ ૧૬૦૦ ને કળશીના ૬૪૦ શેરે ભાગતાં એક શેરની અઢી બદામ આવેછે.

૪. ઉપરની ત્રીજી રીત પ્રમાણે એક શેરની અઢી બદામ આવેછે. ત્યારે શેરના ર ભાર ૪૦ ને અઢી બદામની વીશવાસી ચાળીશ વડે ભાગતાં એક વીશવાસીએ એક રૂપિઆ ભાર આવેછે.

૫. આનાની પાઈ ૧૨ ને કળશીના મણ ૧૬ વડે ભાગતાં પોણી પાઈએ મણ પડ્યું.

૬. એક આનાની વીશવાસી ૧૬૦૦ ને કળશીના શેર ૬૪૦ થી ભાગતાં એક શેરની ૨॥ વીશવાસી આવેછે.

ખાંડીનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. રૂપિઆના આના ૧૬ એણે ખાંડીના મણ ૨૦ ને ભાગતાં આનાનું સવામણ આવેછે.

૨. રૂપિઆના દોકડા ૧૦૦ ને ખાંડીના ૧૦ મણે ભાગતાં એક મણના પાંચ દોકડા આવેછે.

૪. જેટલે રૂપિએ ખાંડી તેટલી બદામનું અછેર.

૫. જેટલે રૂપિએ ખાંડી તેથી બમણી બદામે અથવા અર્ધી રેશે શેર.

૬. જેટલે રૂપિએ ખાંડી તેથી બમણી વીશાવાસીએ અધોળ.

૭. જેટલે આને ખાંડી તેથી પાંચ ગણી બદામે મણ.

૮. જેટલે આને ખાંડી તેથી બમણી વીશાવાસીએ શેર.

૯. જેટલે આને ખાંડી તેટલી બદામનું ૮ શેર.

૧૦. જેટલે ફદીએ શેર તેથી સાડીબાર ગણે રૂપિએ ખાંડી અથવા તેથી દશગણે આને મણ.

૧૧. જેટલે આને શેર તેથી અઢીગણે રૂપિએ મણ તથા ૫૦ ગણે રૂપિએ ખાંડી.

દાખલા.

૧. પચીસ રૂપિએ ખાંડી તો એક આનાનું કેટલું?

જવાબ. ૨ શેર.

૨. પોણી ઓગણીસ રૂપિએ ખાંડી તો ૮ શેરની શી કીમત?

જવાબ. ૦)= આના.

૩. સાડીસતર રૂપિએ ખાંડી તો શેરની શી કીમત?

દો૦ બ૦

જવાબ. ૨ ૩

૪. છ આનાનું શેર તો એક મણનું શું?

જવાબ. ૧૫ રૂપિઆ.

મોટા હારાનાં લેખાંના કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ હારો તેથી સવાગણે દોકડે સાડાદશ શેર.

૨. જેટલે રૂપિએ હારો તેટલા આનાનું ૫રા શેર, તેટલા ફદીઆનું ૧૩ શેર ને નવટાંક અને તેટલી બદામનું શેર ૦૫ ૧ રૂપિઆ ભાર.

૩. રૂપિઆના ૧૦૦ દોકડાએ ખાંડીના ૨૦ મણના શેર ૮૦૦ ને ભાગતાં દોકડાનું ૮ શેર આવેછે.

૪. રૂપિઆની ૧૬૦૦ બદામે ખાંડીના શેર ૮૦૦ ને ભાગતાં એક બદામનું અછેર આવેછે.

૫. એનું કારણ ઉપરની ચોથી રીતથીજ છે, પણ ફેર એટલો કે એમાં ૮૦૦ શેરે ૧૬૦૦ બદામને ભાગી.

૬. ઉપરની પાંચમી રીત પ્રમાણે બે બદામનું શેર પડ્યું. ત્યારે શેરના અધોળ ૧૬ થી બે બદામની વીશવાસી બત્રીસને ભાગતાં એક અધોળની બે વીશવાસી આવી.

૭. આનાની બદામ ૧૦૦ ને ખાંડીના મણ ૨૦ થી ભાગતાં એક મણની પાંચ બદામ આવેછે.

૮. આનાની વીશવાસી ૧૬૦૦ ને ખાંડીના ૮૦૦ શેરે ભાગ્યાથી શેરની બે વીશવાસી આવેછે.

૯. આનાની બદામ ૧૦૦ વડે ખાંડીના શેર ૮૦૦ ને ભાગતાં એક બદામનું ૮ શેર આવેછે.

૧૦ ખાંડીના શેર ૮૦૦ છે તે રૂપિઆના ૬૪ ફદીઆંના સાડાબારગણા બરાબર છે. મણના શેર ૪૦ તેટલાં ફદીઆં મણના, એટલે ૧૦ આના ને ફદીએ શેર હોય તો ને બે ફદીએ તો ૨૦ આના, તેમ આગળ પણ.

૧૧. મણના ૪૦ શેરના ૪૦ આનાના ૨॥ રૂપિઆ મણને માથે થાયછે. અને તેના વીસગણા એટલે વીસે અઢીએ પચાસ રૂપિઆ ખાંડીને માથે પડેછે.

મોટા હારાનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. એક રૂપિઆના સવા દોકડા ૮૦ એણે એક મણના શેર ૪૦ ને ભાગતાં સવા દોકડાનું અધશેર આવેછે, પણ મોટા હા-

દાખલા.

૧. ૧૫ રૂપિએ હારો તો એક શેરની શી કીમત?

દો० બ० વી०

જવાબ. ૧ાા ૦ાા ૧

૨. સવાછવીસ રૂપિએ હારો તો એક આનાનું કેટલું?

જવાબ. ૨ શેર.

ભારનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ ભાર તેટલા આનાનું દોઢમણ.

૨. જેટલે રૂપિએ ભાર તેથી સવાગણે દોકડે ૧૨ શેર ને તેટલાં ફદીઆંનું પંદર શેર.

૩. જેટલે રૂપિએ ભાર તેથી આઠગણી પાઇએ મણ અને તેટલી પાઇનું પાંચ શેર.

૪. જેટલે રૂપિએ ભાર તેથી સવાગણી બદામે પોણો શેર અથવા તેટલી બદામે શેર ૦ાા ૪ રૂપિઆ ભાર.

દાખલા.

૧. ચાળીસ રૂપિએ ભાર તો અધમણ ને ચાર શેરની શી કીમત? જવાબ. ૧ રૂપિઓ.

૨. સાડીસડસઠ રૂપિએ ભાર તો ચાર રૂપિઆ અને સાડાત્રણ આનાનું કેટલું? જવાબ. ૧ાા મણ.

ગાલ્લીનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ ગાલ્લી તેટલા આનાનું ૭૫ શેર અથવા પોણાબે મણ ને પાંચ શેર.

૨. જેટલે રૂપિએ ગાલ્લી તેટલા દોકડાનું ૧૨ શેર, તેટલાં ફદીઆંનું ૧૮ાા શેર.

રાના મણ ૨૧ છે, ત્યારે એકવીસ ગણું વધારે આવવું જોઇએ, એટલે એકવીસ અર્ધું સાડાદશ શેર એક સવાયાનું આવ્યું.

૨. એક રૂપિઆના ૧૬ આનાએ એક મણના ૪૦ શેરને ભાગતાં એક આનાનું અઢીશેર આવશે. પણ હારાના ૨૧ મણ છે, માટે એકવીસ ગણું એટલે એકવીસ અઢીએ સાડી-બાવન શેર એક આનાનું થયું.

ભારનાં લેખાંની કુંચીઓનાં કારણ.

૧. રૂપિઆના આના ૧૬ એણે ભારના મણ ૨૪ ને ભાગ્યાથી એક આનાનું દોઢમણ આવવું જોઇએ.

૨. રૂપિઆના સવા દોકડા ૮૦ થી ભારના મણ ૨૪ ને શેર ૯૬૦ ને ભાગતાં એક સવા દોકડાનું બાર શેર આવેછે.

૩. રૂપિઆની પાઇ ૧૯૨ ને ભરાના ૨૪ મણે ભાગતાં મણને માથે આઠ પાઇ આવેછે. ને આઠ પાઇએ મણના ૪૦ શેરને ભાગતાં એકપાઇનું પાંચ શેર આવેછે.

૪. માણીમાં અઢીગણી બદામે પોણેશેર આવેછે. પણ માણી કરતાં ભારનું તોલ બમણું છે, તેથી એટલા ૦।।। શેરની કીમત અર્ધી, એટલે ૧। બદામ આવવી જોઇએ.

ગાલ્લીનાં લેખાંની કુંચીઓનાં કારણ.

૧. રૂપિઆના ૧૬ આનાએ ગાલ્લીના મણ ૩૦ ને ભાગ્યાથી એક આનાનું પોણાબે મણ ને પાંચ શેર આવશે.

૨. રૂપિઆના ૧૦૦ દોકડાએ ગાલ્લીના મણ ત્રીસના શેર ૧૨૦૦ ને ભાગતાં એક દોકડાનું ૧૨ શેર આવેછે.

૩. જેટલે રૂપિએ ગાલ્લી તેટલી બદામનું પોણો શેર.

૪. જેટલે આને ગાલ્લી તેટલી બદામનું ૧૨ શેર તથા તેટલી વીરાવાસીનું પોણો શેર.

૫. જેટલે રૂપિએ ગાલ્લી તેટલા સેંકડાના શેર જેટલે દોકડે મણ.

દાખલા.

૧. સાડાત્રેવીસ રૂપિએ ને ત્રણ આને ગાલ્લી તો એક શેરની શી કીમત? દો૦ બ૦ વી૦

જવાબ. ૧||| — ૩|| — ૧|

૨. પચીસ રૂપિએ ગાલ્લી તો એક આનાનું કેટલું?

જવાબ. ૩ શેર.

બેડીઆનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ બેડીઉં તેથી અર્ધે આને મણ.

૨. જેટલે રૂપિએ બેડીઉં તેથી સવાગણે દોકડે ૧૬ શેર, અને તેટલાં ફદીઆનું અધમણ.

૩. જેટલે રૂપિએ બેડીઉં તેથી સવાગણી બદામે શેર.

૪. જેટલે રૂપિએ બેડીઉં તેથી સવાગણી વીરાવાસીએ અધોળ.

૫. જેટલે આને બેડીઉં તેથી સવાગણી વીરાવાસીએ શેર.

દાખલા.

૧. બાવીસ રૂપિએ બેડીઉં તો મણની શી કીમત?

જવાબ. ০||=

૨. ત્રીસ રૂપિએ બેડીઉં તો શેરનું શું બેસશે?

જવાબ. ૨|દો૦ ૧|| બ૦

૩. સોળ રૂપિએ બેડીઉં તો બે મણનું શું પડશે!

જવાબ. ૧ રૂપિઓ.

૩. ગાહ્લીના શેર ૧૨૦૦ ને રૂપિઆની બદામ ૧૬૦૦ થી ભાગતાં એક બદામનું પોણો શેર આવ્યું.

૪. એક આનાની બદામ ૧૦૦ એ ગાહ્લીના શેર ૧૨૦૦ ને ભાગતાં એક બદામનું ૧૨ શેર આવેછે. એ ઉપરથી પોણોશેરનું જાણવું.

૫. રૂપિઆના ૧૦૦ દોકડાને ગાહ્લી ઉપરથી મણનું કરવાને માટે ૩૦ થી ભાગવા જોઇએ, પણ સાડાસાતનો પા આવડતો હોય તો એ ભાગાકારની જરૂર નહિ.

બેડીઆનાં લેખાંની કુંચીઓનાં કારણ.

૧. બેડીઆના મણ ૩૨ એણે રૂપિઆના આના ૧૬ ને ભાગતાં મણની કીમત અર્ધો આનો આવેછે.

૨. રૂપિઆના સવા દોકડા ૮૦ એથી બેડીઆના મણ ૩૨ ના શેર ૧૨૮૦ ને ભાગતાં એક સવા દોકડાનું ૧૬ શેર આવશે.

૩. બેડીઆના શેર ૧૨૮૦ એથી રૂપિઆની બદામ ૧૬૦૦ ને ભાગતાં એક શેર ને માટે સવા બદામ પડસે.

૪. ઉપરની ત્રીજી રીત પ્રમાણે એક સેરને માથે સવા બદામ પડેછે. ત્યારે સેરના અધોળ ૧૬ થી સવા બદામની વીશાવાસી ૨૦ ને ભાગતાં એક અધોળની કીમત સવા વીશવાસી આવશે.

૫. આનાની બદામ ૧૦૦ ની વીશાવાસી ૧૬૦૦ ને બેડીઆના શેર ૧૨૮૦ એ ભાગતાં શેરની કીમત સવા વીશાવાસી આવસે.

સોનાનાં તથા રૂપાનાં લેખાંની કૂંચીઓ

તોલા લેખે.

૧. જેટલે રૂપિએ તોલો તેથી અર્ધે રૂપિએ ગદીઆણો.
૨. જેટલે રૂપિએ તોલો તેથી અર્ધે આને વાલ.
૩. જેટલે રૂપિએ તોલો તેથી બમણી પાઇએ રતી.
૪. જેટલે રૂપિએ તોલો તેથી અર્ધી પાઈએ મગ.

દાખલા.

૧. સાડેઅઢાર રૂપિએ તોલો તો બે વાલનું શું પડસે?

જવાબ, રૂ ૧)=॥ આના.

૨. સવાપંદર રૂપિએ તોલો તો એક રતીનું શું?

	આના.	પાઈ.
જવાબ.	૦)=॥	૦॥

૩. ચોદ રૂપિએ તોલો તો બે મગની શી કીમત?

	આનો.	પાઈ.
જવાબ.	૧	૨

ગદીઆણા લેખે.

૧. જેટલે રૂપિએ ગદીઆણો તેટલે આને વાલ.
૨. જેટલે રૂપિએ ગદીઆણો તેથી ચોગણી પાઇએ રતી.
૩. જેટલે રૂપિએ ગદીઆણો તેટલી પાઈએ મગ.
૪. જેટલે આને ગદીઆણો તેથી દા ગણી બદામે અથવા પોણી પાઇએં વાલ.
૫. જેટલે આને ગદીઆણો તેટલી પા પાઇએ રતી.
૬. જેટલે દોકડે ગદીઆણો તેટલી બદામે વાલ.

દાખલા.

૧. સાડેઆઠ રૂપિએ ગદીઆણો તો દોઢ વાલનું શું?

જવાબ. રૂ ૦॥ ૦॥ આનો.

સોનાનાં તથા રૂપાનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

તોલા લેખે.

૧. તોલાના ગદીઆણા બેએ એક રૂપિઆને ભાગતાં ગદીઆણાની કીમત અર્ધા રૂપિઆ પ્રમાણે આવશે.

૨. તોલાના વાલ ૩૨ વડે રૂપિઆના આના ૧૬ ને ભાગતાં એક વાલને માથે અર્ધો આનો આવેછે.

૩. ઉપરની બીજી રીત પ્રમાણે વાલની કીમત અર્ધો આનો એટલે ૬ પાઇને વાલની રતી ૩ એણે ભાગતાં એક રતી બે પાઇએ પડી.

૪. ઉપરની ત્રીજી રીત પ્રમાણે રતીને માથે બે પાઇ આવી ત્યારે રતીના મગ ૪ એણે બે પાઇને ભાગતાં એક મગની અર્ધી પાઇ આવેછે.

ગદીઆણા લેખે.

૧. રૂપિઆના ૧૬ આનાએ ગદીઆણાના વાલ ૧૬ ને ભાગતાં આને વાલ પડેછે.

૨. પહેલી રીત પ્રમાણે આને વાલ પડયો, ત્યારે એક આનાની પાઇ ૧૨ ને વાલની ૩ રતીએ ભાગતાં રતી ૪ પાઇએ પડેછે.

૩. બીજી રીત પ્રમાણે એક રતી ૪ પાઇએ પડી, ત્યારે રતીના મગ ૪ એણે ચાર પાઇને ભાગતાં એક પાઇએ મગ પડેછે.

૪. ગદીઆણાના ૧૬ વાલે આનાની બાર પાઇને ભાગતાં વાલ એકની પોણી પાઇ આવશે.

૫. ઉપરની ચોથી રીત પ્રમાણે વાલની પોણીપાઇ આવી.

૨. સવાછ રૂપિઆએ ગદીઆણો તો બે રતીનું શું ?
જવાબ. રૂ ૦।) ૨ પાઈ.

૩. સાત રૂપિઆએ ગદીઆણો તો એક મગનું શું?
જવાબ. ૦॥ આનો ૧ પાઈ.

જમીનનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિઆએ વીઘું તેથી પાંચગણે દોકડે વસો.

૨. જેટલે રૂપિઆએ વીઘું તેથી પાંચગણે દોકડે અથવા એક રેશો કાઠી અથવા વીશાવાસી.

૩. જેટલે આને વીઘું તેથી પાંચગણી બદામે વસો.

૪. જેટલે આને વીઘું તેથી પાગણી બદામે કાઠી.

૫. જેટલે રૂપિઆએ વસો તેથી પાંચગણે દોકડે કાઠી.

૬. જેટલે આને વસો તેથી પાંચગણી બદામે વીશાવાસી.

દાખલા.

૧. સાડેચાર રૂપિઆએ વીઘું તો બે વસાનું શું પડશે?
જવાબ. રૂ૦ આ૦ દો૦
૦। = ૧।

૨. સવાસાત રૂપિઆએ વીઘું તો ત્રણ વીશાવાસીનું શું પડશે?
દો૦ બ૦
જવાબ. ૫। ૩

૩. ચાર રૂપિઆએ વીઘું તો સવા વસાનું શું પડશે?
જવાબ. રૂ ૦।

૪. છ રૂપિઆએ વીઘું તો દોઢ કાઠીનું શું બેસે?
જવાબ. ૨। દોકડા.

૫. પાંચ રૂપિઆએ વસો તો બે કાઠીનું શું બેસશે?
જવાબ. રૂ ૦॥

૬. આઠ રૂપિઆએ વસો તો સવા કાઠીની શી કીમત?
જવાબ. રૂ ૦॥

ત્યારે વાલની ૩ રતીએ પોણી પાઇને ભાગતાં, એક રતી પા પાઇએ પડી.

૬. ગદીઆણાના વાલ ૧૬ એણે દોકડાની બદામને ભાગતાં એક બદામે વાલ પડયો.

જમીનનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. એક રૂપિઆના દોકડા ૧૦૦ ને વીઘાના ૨૦ વસાએ ભાગતાં વસાને માથે પાંચ દોકડા પડશે.

૨. એક વીઘાના વસા ૨૦ ને વસા એકની વીશવાસી ૨૦ એ લઈએ વીઘાની કાઠી અથવા વીશવાસી ૪૦૦ ને રૂપિઆના ૪૦૦ પા દોકડા અથવા રેશે ભાગતાં એક પા દોકડે અથવા રેશે એક કાઠી આવશે.

૩. આનાની બદામ ૧૦૦ ને વીઘાના ૨૦ વસાએ ભાગતાં એક વસો ૫ બદામે પડશે.

૪. ઉપરની ત્રીજી રીત પ્રમાણે વસાને માથે પાંચ બદામ આવી ત્યારે પાંચ બદામને વસાની કાઠી વીસે ભાગતાં વીશવાસી પા બદામે પડશે.

૫. વસાની ૨૦ વીશવાસીએ રૂપિઆના દોકડા ૧૦૦ ને ભાગતાં એક વીશવાસીના પાંચ દોકડા આવશે.

૬. આનાની બદામ ૧૦૦ ને વસાની ૨૦ વીશવાસીએ ભાગતાં એક વીશવાસીની ૫ બદામ આવશે.

સેંકડાનાં લેખાંની કૂચીઓ.

૧. જેટલે રૂપિએ સેંકડો તેટલે દોકડે નંગ.
૨. જેટલે આને સેંકડો તેટલી બદામે નંગ.
૩. જેટલે ફદીએ સેંકડો તેથી પાગણી બદામે નંગ.

દાખલા.

૧. અઢી રૂપિએ સેંકડો તો ૪ નંગનું શું પડશે?

જવાબ. ૧૦ દોકડા.

૨. પાંચ આને સેંકડો તો ૭ નંગનું શું બેસે? દો૦ બ૦

જવાબ. ૨ ૩

કોડીના હિસાબની કૂંચીઓ.

૧. જેટલે રૂપિએ કોડી તેથી પાંચગણે દોકડે નંગ.
૨. જેટલે આને કોડી તેથી પાંચગણી બદામે નંગ.
૩. જેટલે ફદીએ કોડી તેથી સવાગણી બદામે નંગ.

દાખલા.

૧. સાત રૂપિએ કોડી તો ૨ નંગનું શું બેસે?

રૂ. દો.

જવાબ. ૦॥ ૨૦

૨. સાડેનવ આને કોડી તો ૪ નંગનું શું બેસે?

દો. બ.

જવાબ. ૧૧॥. ૨.

સેંકડાનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. સેંકડાના નંગ ૧૦૦ ને રૂપિઆના ૧૦૦ દોકડાએ ભાગતાં એક દોકડે નંગ પડચું.

૨. આનાની બદામ ૧૦૦ ને સેંકડાના ૧૦૦ નંગે ભાગતાં બદામે નંગ પડચું.

૩. ફદીઉં એટલે પા આનો ને એની બદામ ૨૫ ને સેંકડાના ૧૦૦ નંગે ભાગતાં પા બદામે નંગ પડચું.

કોડીનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. કોડીના ૨૦ નંગે રૂપિઆના ૧૦૦ દોકડાને ભાગ્યાથી એક નંગના પાંચ દોકડા આવ્યા.

૨. કોડીના નંગ ૨૦ વડે આનાની ૧૦૦ બદામને ભાગતાં એક નંગ પાંચ બદામે પડચું.

૩. ફદીઉં એટલે પા આનાની બદામ ૨૫ ને કોડીના ૨૦ નંગે ભાગતાં એક નંગ સવા બદામે પડચું.

લૂગડાંના લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિયે ગજ તેટલા આનાની દોઢ તસુ.

૨. જેટલે રૂપિયે ગજ તેથી આઠગણી પાઈએ તસુ.

૩. જેટલે આને ગજ તેથી અર્ધી પાઈએ તસુ.

દાખલા.

૧. દોઢ રૂપિયે ગજ તો તણ તસુનું શું?

જવાબ. ૩ આના.

ખડ એટલે ઘાસ, નળીઆં વગેરે ૧૦૦૦ ની ગણત્રીથી વેચાયછે તેનાં લેખાંની કૂંચીઓ.

૧. જેટલે રૂપિયે હજાર તેથી દશગણે દોકડે ૧૦૦.

૨. જેટલે રૂપિયે હજાર તેટલે દોકડે દશ, તેટલે રૈશે અથવા પા દોકડે રા ને તેટલી બમણી બદામે ૧ા.

૩. જેટલે આને હજાર તેટલી બદામે દશ ફદીઆની ૧ પૂળી હોય તો ૧૫ાા= હજાર પડે તે યાદ રાખવું. પછી ફદીઆની જેટલી પૂળી કહી હોય, તેટલી પૂળીએ સાડા પંદર ને બે આના ને ભાગ્યાથી જેટલા રૂપિઆ આવે તેટલાએ હજાર પડે.

દાખલા.

૧. સવાપાંચ રૂપિયે હજાર ઘાસ અથવા ખડ છે તો ૧૦ પૂળીનું શું બેસે? જવાબ પા દોકડા.

લુગડાંનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. ગજના ચોવીસ તસુને રૂપિઆના ૧૬ આને ભાગતાં એક આનાની દોઢ તસુ આવી.

૨. ગજના ૨૪ તસુએ રૂપિઆની ૧૯૨ પાઇને ભાગતાં એક તસુની આઠ પાઈ આવી.

૩. ગજના ૨૪ તસુએ આનાની બાર પાઇને ભાગતાં અર્ધી પાઇએ તસુ પડી.

ખડ એટલે ઘાસ, નળીઆં વગેરેનાં લેખાંની કૂંચીઓનાં કારણ.

૧. રૂપિઆના ૧૦૦ દોકડાને હજારના દશ સેંકડે ભાગતાં એક સેંકડાના દશ દોકડા આવેછે.

૨. રૂપિઆના ૧૦૦ દોકડાએ એક હજારને ભાગતાં એક દોકડાના દશ આવશે. બીજું તે ઉપરથી સમજવું.

૩. આનાની ૧૦૦ બદામે હજારને ભાગતાં એક બદામના દશ આવશે.

વ્યાજ ગણવાની રીત.

૧. રૂપિઆનો ને મહિનાનો જે ગુણાકાર આવે તેને સર કહેછે.

૨. દહાડા કહ્યા હોય તો તે વડે રૂપિઆને ગુણીને જમણી બાજુનો છેલો આંકડો કાઢીને બાકી રહેલા આંકને ત્રણે ભાગ લેવો. ભાગાકાર આવે તે સર જાણવો, અથવા સાડાસાતનો પા આવડતો હોય તો તે પ્રમાણે એ ગુણાકારની રકમનો જે આંકડો આવે તે સર જાણવો. ઉપર પ્રમાણે આંકડો કાઢવાની તથા ત્રણે ભાગવાની જરૂર નહિ.

૩. સેંકડે મહિનાનું એક ટકાપ્રમાણે વ્યાજ હોય તો સર આવે તેટલા દોકડા વ્યાજ જાણવું. દોકડાની રકમ મોટી થઇ હોય તો જમણા હાથ ઉપરના બે આંકડા દોકડા સમજી બાકી રહે તે રૂપિઆ જાણવા.

૪. સેંકડે એક આના લેખે વ્યાજ હોય તો આવેલા સર જેટલી બદામો જેટલું વ્યાજ થયું જાણવું.

વ્યાજનો ભાવ એક ટકાથી ઓછો વધતો હોય તો તે મુજબ ગણવાની રીત.

શા પ્રમાણે વ્યાજ. ટકા પ્રમાણે જેટલા દોકડા આવ્યા હોય તેના.

૦)- પાના પા કરવા.
૦)= પાના અર્ધા કરવા.
૦)≡ પાના પોણા.
૦। પા.
૦।- પાનું સવાયું.
૦।= પાનું દોઢું અથવા અર્ધાનું પોણું.
૦।≡ પાના પાનું પોણું મેળવવું.

०॥ અર્ધા.
०॥- પોણાનું પોણું.
०॥= અર્ધાનું સવાયું.
०॥≡ અર્ધામાં તેના પોણાનું અર્ધ મેળવવું.
०॥। પોણું.
०॥।- પોણામાં પાના પાનું મેળવવું.
०॥।= અર્ધામાં તેનું પોણું મેળવવું.
०॥।≡ પોણાનું સવાયું.
૧। સવાયું.
૧॥ દોઢું.

દાખલા.

૧. પંદર રૂપિઆ ૧૦ મહિના રહ્યા, વ્યાજનો ભાવ ०॥। ટકા પ્રમાણે, શું વ્યાજ થશે? જવાબ. રૂ. ૧)=

૨. બાર રૂપિઆ સાત દિવસ રહ્યા, વ્યાજનો ભાવ અર્ધા ટકા પ્રમાણે, શું વ્યાજ થશે? દો. બ.

જવાબ. ૧ ૨॥ આશરે.

૩. સવાઆઠ રૂપિઆ ૧૬ દિવસ રહ્યા, ટકા પ્રમાણે શું વ્યાજ થશે? દો. બ.

જવાબ. ૪૧ ૨॥ આશરે.

વારોવારીઉં એટલે નાણાવટીની રીતે કાઢવાનું વ્યાજ.

ખાતામાં જમે ઉધાર રકમો હોયછે તેનું વ્યાજ કાઢવા સારૂ ખાતાં પ્રમાણેજ મથાળું દોરીને તેમાં વ્યાજ એટલું વધારે લખવું. જમે ઉધારની રકમો જમે ઉધારમાંજ લેવી, પણ ખાતા-

માં માથે આંકડો ભરેછે, તેમ ન ભરતાં લીંટીને આરંભે રૂ કરી-ને રકમ લખીને દાહડોવાર લખવો.

ભારે રકમ હોય તેના પેટામાં હલકી રકમને વળી લખવી. તે એટલી રકમો સૂધી કરવું કે, મોટી રકમનું પેટું ભરાય, ને જો પે-ટામાં છેલી રકમ બરાબર સમાતી ન હોય, તો જેટલો આંકડો સમાય તેટલો લખીને તે પાછો અસલ રકમના પેટામાં લેવો, એવી રીતે જમે ઉધારમાં છેવટ સૂધી કરતાં જવું. અને છેવટ બાકી રહે તે જો જમેમાં હોય તો ત્યાં દેવા, એમ લખવું. ને ઉધારમાં હોય તો, લેણા કરી ઉધારમાં લખવા.

પ્રથમ બે રકમોમાંથી જે રકમ પહેલી તેરીખની હોય તે દિવસથી બીજી રકમની તેરીખસૂધી, તિથિઓ પ્રમાણે મહિના તથા દિવસો નકી કરવા. જેટલા મહિના થાય તેટલાના મહિને અર્ધો દિવસ લેખે જે દહાડા નકી થાય તે મહિના ઉપરના દિવ-સના આંકડામાંથી બાદ થતાં બાકી જેટલા દિવસ રહે, તેટલા દિવસ લગભગ તે મહિના ઉપર આવશે એમ આશારો જાણવો, પણ તે નકી કરવા માટે આવેલા મહિનાનાં પખવાડિયાં જેટલા વાર આગલી તેરીખનાં વારથી ગણતાં છેલો જે વાર આવે તેની જોડેના વારથી પાછલી તેરીખના વાર સૂધી ગણવું પણ છેલો વાર માંહે લેવો નહિ. તે એટલે સૂધી ગણવો કે મહિના ઉપર દહાડાનો આશારો નકી કર્યો છે, તેની લગભગ આવી રહે. જેમ કારતક સુદી ૬ વાર શનેઉથી ભાદરવા વદી ૦|) વાર બુધ સૂધી તિથિઓ પ્રમાણે ગણીને મહિને અર્ધો દિવસ લેખે કાપેથી સાડા-દશ મહિના ને ચાર દિવસ થાયછે, હવે સાડાદશ મહિનાનાં ૨૧ પખવાડિઆં જેટલા વાર પહેલી તારીખના શનિવારથી ગ-ણતાં છેલા પખવાડીઆનો છેલો વાર શનિ આવશે તેની જોડેના રવિવારથી, પાછલી તેરીખના બુધવાર સૂધી ગણતાં ઉપરના ચાર દિવસ આવી રહેછે, તે ઊપના દિવસની સાથે મળી રહેછે.

એવી રીતે ગણીને જે માસ દિવસ થાય તે જે તરફ આગલી તેરીખની રકમ હોય તે તરફ લખવા. હવે આગલી તેરીખવાળી રકમ પાછલી તેરીખવાળી રકમના પેટામાં પડી હોય તો ફકત તે પેટાનીજ રકમની લીંટીને છેડે આગળ પાને ૭૬ મે કાઢેલા વ્યાજમાં માંડયા છે, તે રીતે લખવા. અથવા તે રકમનું પેટું પૂરવા પાછલી તેરીખની રકમમાંથી જેટલો ભાગ લીધો હોય તે ઉપર લખવા.

મુદત ઉપરથી સર ગણવાની રીત વ્યાજમાં આગળ લખેલી છે. ને તેજ રીત અહિંઆં બરાબર લાગુ પડેછે, તેથી આ ઠેકાણે ફરી લખી નથી.

રકમને છેડે જે માસ દિવસ ઉપર કહ્યા પ્રમાણે લખ્યો હોય તો તે રકમને માથે સર લખવો ને જો પેટાની રકમ ઉપર માસ, દિવસ આવેલા હોય તો તેને માથે સર લખવો. પછી સર્વે પેટાના સરનો સર્વાળો લેઈ મુખ્ય રકમને માથે ચઢાવવો.

જમેના સરનો સર્વાળો જમેમાં લેવો ને ઉધારના સરનો સર્વાળો ઉધારમાં લેવો. જો જમે ઉધારનું એક જાતનું વ્યાજ હોય તો વધારે સરમાંથી ઓછો સર બાદ કરવો.

તારીજ	સંવત ૧૮૮૮ ની.
જ	ઉ

ઉપર લખ્યા પ્રમાણે તારીજ કારીને જમે કે ઉધારમાંની જે તરફ મુદલ બાકી રહી હોય તે તારીજમાં તેજ તરફ લખવી ને તે લીંટીમાં બાકી મુદલ જમે પાસે હોય તો દેવા. અને ઉધાર પાસે હોય તો લેણા એમ લખવું.

જે સર બાકી હોય તે તારીજમાં જેણી તરફની સરની રકમ મોટી હોય તેણી તરફ લખવો ને એટલા દર સેંકડે દર મહિને ટકાને ભાવે દોકડા થાય એમ જાણવું. હવે ભાવ વધારે ઓ-

છે, હોય તો, વ્યાજની રીતમાં કોઠો પાડીને રીત લખી છે તે પ્રમાણે ગણીને તેના રૂપિઆ કરીને વ્યાજની લીંટીને માથે ચઢાવવા.

જો જમે ઉધારનું વ્યાજ જૂદા જૂદા ભાવનું હોય તો આગળ કહેલી રીતપ્રમાણે જમે ઉધાર બંને તરફ વ્યાજના આંકડા માથે જૂદા જૂદા ભરવા.

તારીજના જમે ઉધારની બાકી કાઢતાં લેણું કે દેવું જે નીકળ્યું હોય તે પ્રમાણે તે નવા વર્ષમાં ખાતું પાડીને લખવું.

આ ઉપર લખેલી રીતિ નાણાવટી વગેરે લોકોમાં ઘણી મુદ્દત થયાં ચાલતી આવી છે, તથા હાલમાં પણ ચાલેછે. પણ એ રીતે વ્યાજ કાઢવામાં લંબાણ બહુ થાયછે, તથા રકમો પેટામાં નાંખવી તથા કાઢવી એથી એવી ગુંચવણ પડેછે કે, કાચી બુદ્ધિવાળાને ઝટ લેઇને સમજ પડવી મુશ્કેલ થઇ પડેછે. એ માટે એ ચાલતી રીત લખીને હવે બીજી એક સહેલી રીત નીચે લખવામાં આવેછે. તેમાં સર તથા મહિનાના આંકડા મોટા આવે તો ખરા, પણ લંબાણ ઓછું થઈ, એ નવી રીતે વ્યાજ કાઢનારને સહેલું પડશે એવું લાગેછે.

જેટલી રકમો ખાતામાં જમે ઉધાર હોય તેટલી રકમો ફરીને વ્યાજ કાઢવા માટે ઊતારવી; તેમાં તફાવત એટલોજ કે, ખાતામાં રકમોનો આંકડો માથે ચઢાવવો, અને આમાં લીંટીની માંહે લેવો. ને જેમ ઉધારમાંની એકેક રકમની તેરીખથી આસો વદ.)) ને જે વાર હોય ત્યાંસુધી અથવા બીજી જે કોઈ તેરીખ સુધી નકી કરવું હોય ત્યાંસુધી માસ તથા દિવસ ઊપલી રીતમાં કહ્યા પ્રમાણે નકી કરીને તે તે રકમને છેડે લીંટીમાં લખવા ને તેમાં તે છેલો દિવસ લેવો ને તે રકમના રૂપિઆ તથા એ માસ વગેરે ઊપરથી જે સર નકી થાય તે માથે ચઢાવવો. પછી બાકીનું ઉપરની રીતમાં કહ્યા પ્રમાણે કરીને બાકી નવા વરસના ખાતાને સારૂ નકી કરવી. આ રીત પ્રમાણે વ્યાજ પૃષ્ઠ ૩૭ મે

કરી બતાવ્યું છે, પણ આપવા લેવાના વ્યાજનો ભાવ સરખો હોય તોજ આ રીતે થઈ શકેછે. નહિતો ઊપલી રીત પ્રમાણે કરવું.

કાઠીઆવાડ તથા ગુજરાતમાં કેટલેએક ઠેકાણે વાર વિના ગણેછે. ત્યાં તિથિઓ પ્રમાણે મહિના તથા દિવસ ગણીને મહિને અર્ધા દિવસ લેખે કાપી નાંખેછે. એમાં જરા ભૂલ રહી હોય તો વાર ગણવાની રીત પ્રમાણે નકી કરતા નથી.

વારોવારીઆં વ્યાજ કાઢવાને માટે રકમોનું ખાતું.

પરી૰ દેવરાજ અમરસીનું ખાતું સંવત ૧૯૧૦ નું.

જ	ઉ
૫૦૮) માગશર વદ ૫ વાર ભોમે.	૬૦૦) કારતક સુદ ૨ વાર ગરેઉ.
૩૦૦) પોશ સુદ ૧૫ વાર શનેઉ.	૧૨૦) માગશર વદ ૮ વાર શુકરે.
૮૫૦) ફાગણ વદ ૭ વાર ભોમે.	૪૦૦) ફાગણ સુદ ૧૫ વાર ભોમે.
૯૦) આશાડ વદ ૩ વાર બુધે.	૯૦) આશાડ વદ ૬ વાર શનેઉ.
૧૫૦૦) આસો વદ ૭ વાર શુકરે.	
૨૮૩૦	૧૨૧૦
૧૬૨૦) બાકી દેવા સંવત ૧૯૧૧ ના કારતક સુદ ૧ વાર રવેઉ.	૧૬૨૦) બાકી દેવા આસો વદ ૦)) વાર શનેઉ.
	૨૮૩૦

વ્યાજ — સંવત ૧૯૧૦ ની સાલનું.

જ

૦ રૂ ૫૦૦) માગશર વદ ૫ ભોમે.

૧૫૭। રૂ ૩૦૦) પોશ સુદ ૧ શનેઉ.

૦ રૂ ૧૦૦) દી. ઉ.

૦ રૂ ૧૨૦) દી. ઉ.

૧૫૭। રૂ ૮૦) માસ ૧।૧૪

૧૫૭।

૬૩૪।।।રૂ ૪૫૦) ફાગણ વદ ૭ ભોમે.

૦ રૂ ૩૨૦) દી. ઉ.

૩૪૮) રૂ ૯૦) માસ ૩।૧૧

૨૮૬।।। રૂ ૪૦) માસ ૭)૫

૬૩૪।।।

૨૭૨) ૩૮૦) આશાડ વદ ૩ બુધ. માસ ૩) ૧૨

૪૫૦)રૂ ૧૫૦૦) આસો વદ ૭ શુકરે. દી. ૯

૧૫૧૪

૧૫૧૪

૫

૧૧૮૬

૩૨૮ બાકી સર ૧૧૮૬

ઉ

૧૦૨ ૩। રૂ ૬૦૦)કારતક સુદ ૨ ગરેઉ.

૭૮૩। રૂ ૫૦૦) માસ ૧।।૨

૨૪૦) રૂ ૧૦૦) માસ) ૨ ૧૨

૧૦૨ ૩।

૮૮) રૂ ૧૨૦ માગશર વદ ૮ શુકરે. દી. ૨૨.

૭૪।।। રૂ ૪૦૦) ફાગણ સુદ ૧૫ ભોમે.

૦ રૂ ૮૦) દી. જ.

૭૪।।। રૂ ૩૨૦) દી. ઉ.

૭૪।।।

રૂ ૯૦) આશાડ વદ ૬ શનેઉ. દી. જ.

બાકી રૂ ૬૨૦) સંવત ૧૯૧૦ ના આશો વદ ૦) શનઉ.

૦ રૂ ૪૦) દી. જ.

૦ રૂ ૮૦) દી. જ.

૦ રૂ ૧૫૦૦) દી. જ.

૧૬૨૦

તારીજ સંવત ૧૯૧૧ ના કરતક સુદ ૧ વાર રવેઉ.

જ	ઉ
૧૬૨૦) મુદલ દેવા. ૧॥ ૧૪ વ્યાજનો સર ૩૨૮ ટકા ૦॥ લેખે.	
૧૬૨૧॥૧૪	

ઊપલું વ્યાજ આગળ કહેલી ટૂંકી રીત પ્રમાણે નીચે ફરી ગણ્યું છે.

જ	ઉ
૫૧૩૦) રૂ ૫૦૦) માગશાર વદ ૫ ભોમે. માસ ૧૦) ૬	૭૦૬૦) રૂ ૬૦૦) કારતક સુદ ૨ ગરેઉ. માસ ૧૧॥૮
૨૮૧૦) રૂ ૩૦૦) પોશ સુદ ૧૫ શનેઉ. મા. ૯) ૧૧	૧૨૧૨) રૂ ૧૨૦) માગશારવદ ૮ શુકરે. મા. ૧૦) ૩
૩૨૨૫) રૂ ૪૫૦) ફાગણ વદ ૭ ભોમે. મા. ૭) ૫	૨૯૬૦) રૂ ૪૦૦) ફાગણ સુદ ૧૫ ભોમે. મા ૭) ૧૨
૭૨) રૂ ૮૦ આશાડ વદ ૩ બુધે. મા. ૩) ૧૨	૨૯૭) રૂ ૯૦) આશાડ વદ ૬ શનેઉ. મા. ૩) ૯
૪૫૦) રૂ ૧૫૦૦ આસો વદ ૭ શુકરે. દી' ૯	
૧૧૮૫૭	૧૧૫૨૯

૧૧૮૫૭
૦————
૧૧૫૨૯   તારીજ ઉપર મુજબ.
૩૨૮

હુંડીના હિસાબ.

હુંડીનો ભાવ કહેવાની એવી રીત છે કે, ફલાણા દેશાવરનો ૯૮) નો ભાવ છે, તો તેનું સમજવું જે જે ઠેકાણે ભાવ કહ્યો ત્યાં રૂપિઆ ૯૮) ભરે તો કહેલા દેશાવર ઉપર ૧૦૦) ની હુંડી મળે. બે ટકા ઉપર ભાવ છે એમ બોલે તો સમજવું કે રૂ ૧૦૨) ભરેથી રૂ ૧૦૦) ની હુંડી મળે. હવે આ ઉપરથી સમજાયછે

કે ઉપર ભાવ હોય તો રૂપિઆ ભરી હુંડી કરવાને નુકસાન અને માંહે ભાવ હોય તો ફાયદો. જેટલા રૂપિઆની હુંડી કરાવીને તેના રૂપિઆ કેટલા ભરવા એ કાઢવું સહેલ છે. પણ ગમે તેટલા રૂપિઆ ભરીને તેની હુંડીનો આંકડો નકી કરવો હોય તો એ ગણવું લગાર કઠણ પડે છે. હુંડી ઉપરથી હુંડીઆમણ થાય, તે આપવા લેવા માટે નકી કરવું હોય તો સેંકડે જે ભાવ હોય તે પ્રમાણે ગણીને માંહે ભાવ હોય તો કાપી લેવા ને ઉપર ભાવ હોય તો બીજા આપવા, જેમ રૂ ૫૦૦) હુંડી કરાવવી અને ભાવ ૨) ટકાનો છે, તો રૂ ૫૦૦) ઉપર બીજા રૂ ૧૦) એટલે કુલ રૂ ૫૧૦) ભરવા પણ જો રૂ ૯૮) લેખે ભાવ હોય તો રૂ ૧૦) રૂ ૫૦૦) માંથી કાપીને બાકીના ભરવા.

હવે જો કદી રૂ ૫૦૦) ભરીને તેની હુંડી જે થાય તેટલી કરાવવી હોય તો ઉપરનો ભાવ એટલે ૨ ટકા લેખે હોય તે રૂ ૫૦૦) માંથી ૧૦) રૂપિઆ બાદ કરીને એ દશનો વટાવ બે લેખે વીસ દોકડા થાય તે મેળવવા. પછી તે સર્વાળામાંથી વળી એ વીસ દોકડાનો વટાવ ૪૦ દોકડા એટલે આશરે ાા દોકડો બાદ કરવો, બાકી રૂ ૪૯૦) ૧૯ાા દોકડા રહ્યા એટલી હુંડી થશે. એ રીતે ભરવાના રૂપિઆમાં વટાવ, વટાવનો વટાવ, તેનો વટાવ ને પાછો તેનો વટાવ જે જે થતો જાય તે વારાફરતી ઘટાડતાં તથા વધારતાં જવું, એટલે પહેલીવાર બાદ કરવો, બીજીવાર મેળવવો, ત્રીજીવાર બાદ કરવો, એ રીતે ફસર ન પડે ત્યાંલગણ કરતાં જવું. અથવા મેળવવાની રકમો ડાબી બાજુએ જૂદી લખી તેના સર્વાળામાંથી બાદ કરવાની રકમો જમણે હાથ જૂદી લખી તેમનો સર્વાળો બાદ કરવો. જેને આવા હિસાબનો ઘણો મહાવરો છે, એવા નાણાવટી તો ઉપરની રીત પ્રમાણે નથી કરતા, તેઓ એક આંકડો આશરે ધારીને તેના ઉપર તેનો વટાવ ચઢાવતાં તે એકંદર આંકડો જો અસલનાથી

ઓછો હોય તો વળી ધારેલા ઉપર કાંઈક વધારેછે, ને તેનો વટાવ પાછો વધારેછે. એમ કરતાં કરતાં અસલનો આંકડો આવી રહે ત્યાં સુધી કરેછે. પણ ઘણો મહાવરો તેથી તે એવો આંકડો પહેલેથીજ ધારેછે કે, થોડી મહેનતે તે નકી આંકડો માલૂમ પડેછે. જો માંહે ભાવ, જેમ ૯૮) હોય તો વટાવ, વટાવના વટાવ, તેનો વટાવ, ને પાછો તેનો વટાવ એ પ્રમાણે ચઢાવતાં જવું; એટલે હુંડીનો આંકડો નકી થશે. જેમ રૂ ૫૦૦) માથેનો માંહે વટાવ ૨) ટકા લેખે રૂ ૧૦) વધારો તેમાં વળી ૧૦) નો વટાવ રૂ ૨૦) વધારો, તેમાં વળી રૂ ૨૦) નો વટાવ રૂ ૪૦) દોકડા એટલે આશરે અર્ધો દોકડો વધારો, એ રીતિ કરતાં રૂ ૫૧૦) ૨૦॥ દોકડાની હુંડી થશે.

દાખલા.

૧. રૂ ૪૭૩૭) તથા રૂ ૬૩૨૮) એવી બે રકમો જેટલી જૂદી જૂદી હુંડીઓ કરાવવી છે, તો તેના કેટલા રૂપિઆ ભરવા? ભાવ ત્રણ ટકા લેખે, એટલે રૂપિઆ ૧૦૩) ના રૂ ૧૦૦) ની હુંડી થાય.

રૂ ૪૭૩૭	૬૩૨૮
૧૪૨) ૧૧	૧૮૯॥ ૯
રૂ ૪૮૭૯) ૧૧ જવાબ.	૬૫૧૭॥ ૯ જવાબ.

૨. ઉપર પ્રમાણેજ પણ ભાવ રૂ ૯૭) લેખે છે, તો નાણાવટીને ત્યાં કેટલા રૂપિઆ ભરવા?

રૂ ૪૭૩૭	૬૩૨૮
૩	૩
૧૪૨) ૧૧	૧૮૯॥ ૯
રૂ ૪૫૯૪॥) ૧૪	૬૧૩૮) ૧૬

૩. નાણાવટીને ત્યાં રૂ ૪૭૩૭) તથા ૬૩૨૮) ભરીને એ બે રકમોની જૂદી જૂદી હુંડીઓ કરાવવાની છે, તો તે કેટલાની થશે? ભાવ ટકા ૩ લેખે.

સવોળાની. બાદ કરવાનો વટાવ.		બાદ કરવાનો વટાવ.	
૪૭૩૭	૧૪૨) ૧૧	૬૩૨૮	૧૮૯॥ ૯
૪॥૧	૦) ૧૨॥	પા ૧૯॥	૦)૧૭
૦)·॥	૧૪૨) ૨૩॥	૦) ૦॥	
૪૭૪૧॥૧॥		૬૩૩૩॥ ૨૦	૧૯૦)૧
૦		૧૯૦) ૧	
૧૪૨)૨૩॥		૬૧૪૩॥ ૧૯ જવાબ.	
૪૫૯૯)૩ જવાબ.			

૯. ઉપર મુજબ પણ ભાવ રૂ ૯૭) લેખે છે.

રૂ ૪૭૩૭	૬૩૨૮
૧૪૨)૧૧	૧૮૯॥૯
૪॥ ૧	પા૧૯॥
૦) ૧૨॥	૦) ૧૭
૦॥	૦) ૦॥
જવાબ. ૪૮૮૩॥ ૦॥	૬૫૨૩॥ ૨૧ જવાબ.

